# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વિ મહેતા વાંચે છે.

********************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નોર્વેના પાટનગર ઓસ્લોમાં ત્રીજી ભારત-નોર્ડિક સંમેલનમાં ઉપસ્થિત.**
2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગામી પાંચ વર્ષમાં છત્તીસગઢનો બસ્તર વિસ્તાર દેશનો સૌથી વિકસિત આદિવાસી વિસ્તાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.**
3) **"એક રાષ્ટ્ર એક ચૂંટણી" મામલે રચાયેલી JPCની ગુજરાતમાં યોજાયેલી બેઠકમાં બધી ચૂંટણી એકસાથે થાય તેવો સૌનો મત.**
4) **નીટ પરીક્ષા ગેરરીતિ મામલે મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં રેણુકાઈ કેમિસ્ટ્રી ક્લાસીસ કોચિંગ સેન્ટરમાં CBIની સઘન તપાસ**
5) **ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ભુવનચંદ્ર ખંડુરીનું નિધન : રાષ્ટ્રપતિ , ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શ્રદ્ધાંજલિ પાઠવી.**
6) **IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે જયપુરમાં મુકાબલો.**

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV EVE PM-NORDIC SUMMIT

નોર્વેની રાજધાની ઓસ્લોમાં આજે ત્રીજી ભારત-નોર્ડિક સમિટ શરૂ થઈ છે. પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી, નોર્વે, સ્વીડન, આઇસલેન્ડ, ફિનલેન્ડ અને ડેનમાર્કના તેમના સમકક્ષો સાથે આ સમિટમાં ભાગ લઈ રહ્યા છે. આ બેઠકનો ઉદ્દેશ્ય 2022 માં ડેનમાર્કના કોપનહેગનમાં યોજાયેલી અગાઉની સમિટ પછી ભારત અને નોર્ડિક દેશો વચ્ચે ક્ષેત્રીય સહયોગને મજબૂત બનાવવાનો છે. આ દરમિયાન ટેકનોલોજી અને નવીનતા, ટકાઉપણું, નવીનીકરણીય ઉર્જા અને ડિજિટાઇઝેશન પર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ તકે વૈશ્વવિક તણાવ પર બંને દેશની ભાગીદારી વિષે પ્રધાનમંત્રી શ્રી મોદીએ વાત કરી હતી.

( બાઇટ : PM ON TERRORISM )

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભારત અને નોર્ડિક દેશોએ તેમના સંબંધોને ગ્રીન ટેકનોલોજી અને ઇનોવેશન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનું સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે.

( બાઇટ : PM ON GREEN ENERGY )

ઉપરાંત શ્રી મોદીએ કહ્યું કે ,નોર્ડિક દેશ દ્વારા કરવામાં આવતા  ઝડપી રોકાણથી ભારતના વિકાસની સાથે હજારો નવી રોજગારીની તક ઊભી થઈ છે.

પ્રધાનમંત્રી મોદી તેમની 5 દેશના યાત્રાના અંતિમ ચરણમાં આજે ઇટાલીના રોમ ખાતે પહોંચશે . પ્રધાનમંત્રીની મુલાકાતને આવરી લેતા અમારા સંવાદદાતા તરફથી વધુ માહિતી

( બાઇટ : SUPARNA-ITALY )

# EVE AMIT SHAH -CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે છત્તીસગઢનો બસ્તર વિભાગ આગામી પાંચ વર્ષમાં દેશમાં સૌથી વિકસિત આદિવાસી વિભાગ તરીકે ઉભરી આવશે. આજે જગદલપુરમાં પત્રકારો સાથે વાત કરતાં શ્રી શાહે કહ્યું કે સરકારનો હેતુ વર્ષ 2031 સુધીમાં બસ્તરના લોકોની સરેરાશ આવક છ ગણી વધારવાનો છે. તેમણે કહ્યું કે બસ્તરને નક્સલવાદથી મુક્ત કર્યા પછી, કેન્દ્ર અને છત્તીસગઢ સરકારે સંયુક્ત રીતે આગામી પાંચ વર્ષમાં પ્રદેશના વિકાસ માટે એક વૈજ્ઞાનિક વ્યૂહરચના તૈયાર કરી છે.

(બાઇટ : અમિત શાહ)

શ્રી શાહે એવી પણ જાહેરાત કરી કે બસ્તરના દરેક આદિવાસી પરિવારને એક ગાય અથવા ભેંસ આપવામાં આવશે અને છ મહિનાની અંદર પ્રદેશમાં એક મોટું સહકારી ડેરી નેટવર્ક સ્થાપિત કરવામાં આવશે. આ માટે, છત્તીસગઢ સરકારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

# WEST BENGAL CONGRESS

પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર જહાંગીર ખાને ગુરુવારે યોજાનારી ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે પોતાનું નામાંકન પાછું ખેંચવાની જાહેરાત કરી છે.

તૃણમૂલ કોંગ્રેસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જહાંગીર ખાનનો ઉમેદવારી પાછી ખેંચવાનો નિર્ણય તેમનો વ્યક્તિગત નિર્ણય હતો, પાર્ટીનો નહીં.

ખાન ચૂંટણી મેદાનમાંથી બહાર થયા બાદ, હવે સ્પર્ધા ભાજપના ઉમેદવાર દેવાંગશુ પાંડા, કોંગ્રેસના ઉમેદવાર અબ્દુર રઝાક મોલ્લા અને સીપીઆઈ(એમ)ના ઉમેદવાર શંભુનાથ કુર્મી વચ્ચે થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JPC UPDATE

"એક રાષ્ટ્ર એક ચૂંટણી" મામલે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના સભ્યો આજથી ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે છે. પી. પી. ચૌધરીના વડપણ હેઠળની JPCના સભ્યોએ આજે ગાંધીનગરમાં મુખ્યસચિવ એમ. કે. દાસ, રાજ્ય પોલીસ વડા ડૉ. કે. એલ. એન. રાવ સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા કરી.

ગાંધીનગરમાં સાંજે પત્રકારો સાથેની વાતચીતમાં JPCના અધ્યક્ષ પી. પી. ચૌધરીએ કહ્યું, સમિતિ ગુજરાતના હિસ્સેદારોને સાંભળવા આવી છે. આજની બેઠકમાં બધી ચૂંટણીઓ એક સાથે થાય એવો મત સૌએ વ્યક્ત કર્યો. "એક રાષ્ટ્ર એક ચૂંટણી"ના કારણે દેશના સાત લાખ કરોડ રૂપિયા બચશે.

(BYTE : P P CHAUDHARY)

આ સમિતિ આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિવિધ રાજકીય પક્ષના આગેવાનો અને ટોચના અધિકારીઓ સાથે બેઠક કરી તેમના અભિપ્રાય મેળવશે.

ઉલ્લેખનીય છે કે, JPCમાં અધ્યક્ષ સિવાય લોકસભાના 27 અને રાજ્યસભાના 12 સાંસદ એમ કુલ 39 સભ્યો છે.

# CBI - NEET CASE

નીટ UG પ્રશ્ન પત્ર ગેરરીતિ મામલે કેન્દ્રીય તપાસ સંસ્થા - CBIની ટીમ મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં રેણુકાઈ કેમિસ્ટ્રી ક્લાસીસ કોચિંગ સેન્ટરમાં સઘન તપાસ ચલાવી રહી છે. આ દરમ્યાન દસ્તાવેજ , કમ્પ્યુટર રેકર્ડ , શૈક્ષણિક સામગ્રી , મોક પ્રશ્નપત્ર , વિધ્યાર્થી સંપર્ક રેકોર્ડ સહિતનાની તપાસ કરવામાં આવી રહી છે, તો ટીમ દ્વારા આરસીસી ડિરેક્ટર શિવરાજ મોટેગાંવકરના સગીર પુત્રની પણ પૂછપરછ કરી છે, જે ધોરણ 12નો વિદ્યાર્થી છે અને આ વર્ષની NEET પરીક્ષામાં હાજર રહ્યો હતો.

# PRADHAN - RE NEET PREP

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં આગામી NEET (UG) પુનઃપરીક્ષાની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી.મંત્રીએ ભાર મૂક્યો હતો કે ફરીથી પરીક્ષા કડક સુરક્ષા પ્રોટોકોલ હેઠળ સુરક્ષિત, સરળ અને સંપૂર્ણ રીતે હાથ ધરવામાં આવવી જોઈએ. બેઠક દરમિયાન, પરીક્ષા વ્યવસ્થાનું મજબૂત દેખરેખ અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે રાજ્યોના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકો સાથે સંકલન બેઠકો યોજવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા.

# REV. KHANDURI-DEATH - PREZ - PM - BIRLA

ઉત્તરાખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ભુવન ચંદ્ર ખંડુરીનું 91 વર્ષની વયે આજે દેહરાદૂન ખાતે નિધન થયું. ભૂતપૂર્વ આર્મી મેજર જનરલ ખંડુરી બે વખત ઉત્તરાખંડના મુખ્યમંત્રી અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી પણ રહ્યા હતા.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ તેમના નિધનને જાહેર જીવન માટે એક અપૂર્ણ ખોટ ગણાવી .

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સ્વર્ગસ્થ ભુવન ચંદ્ર ખંડુરીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. એક સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી મૂર્મુએ, શ્રી ખંડુરીને પ્રામાણિક, સરળ, પારદર્શક અને વિકાસલક્ષી રાજકારણી ગણાવ્યા. પ્રધાનમંત્રી શ્રી મોદીએ કહ્યું કે , મેજર જનરલ ખંડુરી ઉત્તરાખંડના વિકાસ માટે  હંમેશા સમર્પિત રહ્યા. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ શ્રી ખંડુરીને જન કલ્યાણ અને દેવભૂમિની પ્રગતિ માટે હમેશા પ્રતિબદ્ધ ગણાવ્યા.

# IPL

**IPL ક્રિકેટમાં, આજે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. જેમાં રાજસ્થાનની ટીમે ટોસ જીતીને બૉલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ મુજબ લખનૌ સુપર જાયન્ટ્સે 5 ઓવરમાં 0 વિકેટે 68 રન બનાવ્યા છે.**

**ઉલ્લેખનીય છે કે, હાલમાં રાજસ્થાન રોયલ્સ પોઈન્ટ ટેબલમાં 12 પોઈન્ટ સાથે 5મા ક્રમે અને લખનૌ સુપર જાયન્ટ્સ 8 પોઈન્ટ સાથે 10મા ક્રમે છે.**

# REV RAJNATH - KOREA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ આજે ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે દક્ષિણ કોરિયાના સિઓલ પહોંચ્યા. દક્ષિણ કોરિયાના પ્રવાસ દરમિયાન, સંરક્ષણ મંત્રી તેમના સમકક્ષ  આહ્ન ગ્યુ-બેક સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગની સમીક્ષા કરશે અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે નવી પહેલોની શોધ કરશે. શ્રી સિંહ હનોઈની તેમની બે દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા પછી સિઓલ પહોંચ્યા, જે દરમિયાન ભારત અને વિયેતનામ તેમની વિસ્તૃત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.